Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૩ જું. વિક્રમ સંવત ૧૯૬૨— વૈશાખ. અંક ૧૦મો.

## પ્રભુસ્તુતિ.

### શાર્દૂલ વિક્રીડિત.

ભાવ્યા[1] ભારતમંડલે ભવિજને જે ભાવના આદરી,
ગાયા ગૌરવ ગીતથી ગુણિજને જે ગર્જના આચરી;
પૂજ્યા પૂરણ પ્રેમથી સુરગણે[2] સેવ્યા સુરેંદ્રે મળી,
તે નિત્યે જયવંત હો જિનવરો છેદો કુકર્માવલી.[3]

## શ્રાવક સંસાર.

### હરિગીત.

જ્યાં સર્વદા ઉપયોગ સાથે સત્પ્રવર્ત્તન થાય છે;
પરમાર્થ કરવા પ્રેમથી હૃદયેથી ખંત ધરાય છે;

૧ સારી ભાવનામાં ભાવ્યા. ૨ દેવતાના સમૂહે ૩ નઠારાં કર્મની પંક્તિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીતિ તણા શુભ માર્ગમાં મન હર્ષ થાયે જ્યાં ઘણો,
દુખહાર ને સુખકાર છે સંસાર તે શ્રાવક તણો. ૧
સમ્યકત્વ સાધે સર્વથી નવ ગર્વ જ્યાંહિ ધરાય છે,
મદ ધારિને ઉન્મત્ત થાતાં ચિત્ત સંકોચાય છે;
જ્યાં ધીરતાથી ધારતા જે ધર્મ સારો આપણો,
દુખહારને સુખકાર છે સંસાર તે શ્રાવક તણો. ૨
સૌ સ્નેહથી સાથે મળે ઈર્ષ્યા ન ધારે આપથી,
ધરિ સંપ સાધે કાર્ય સઘળા ઐકયતાની છાપથી;
મન ટેક રાખે એમ જે કર્ત્તવ્યને પ્હેલું ગણો,
દુખહારને સુખકાર છે સંસાર તે શ્રાવક તણો. ૩
સાધર્મી બંધુને સદા જે મદદ આપે માનથી,
ગુરૂ ભક્તિમાં આસક્તિ રાખી જ્યાં રહે એક તાનથી;
નિશ્ચે કરે જે કામ ક્રોધાદિ રિપુ સઘળા હણો,
દુખહારને સુખકાર છે સંસાર તે શ્રાવક તણો. ૪
વિદ્યા વિનોદે કાળ સઘળો જ્યાં પ્રસાર કરાય છે,
ગુણ દેખતાં તત્કાલ જ્યાં મન સર્વથીજ હરાય છે;
સુવિચાર આવે નિત્ય મનમાં ધારિ તેવા રજકણો,
દુખહારને સુખકાર છે સંસાર તે શ્રાવક તણો. ૫

# શ્રી હીરસૂરિ પ્રબંધ.

શ્રી હીરસૂરિશ્વર સંવત્ ૧૫૮૩ ના વર્ષમાં શ્રી પાલનપૂર નગરમાં જન્મ્યા હતા. તેઓએ સંવત્ ૧૫૯૬ના કાર્તિક વદી ૨ ને દિને શ્રી અણહિલ્લ પૂર પાટણમાં દીક્ષા લીધી હતી. તેઓ શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંવત્ ૧૬૦૭માં શ્રી નડુલાઇ નગરમાં પંડિત પદવી, સંવત્ ૧૬૦૮ ના માહ શુદ ૫ ને દિને શ્રી નારદપૂરે વાચક પદવી તથા સંવત્ ૧૬૧૦ની સાલમાં શ્રી સીરોહી નગરમાં સૂરિપદ પામ્યા હતા. તેઓ શ્રીમાં સૌભાગ્ય વૈરાગ્યાદિ ગુણો બૃહસ્પતિ પણ વર્ણવી ન શકે એવા હતા. તેમણે શ્રીસીરોહીમાં શ્રી કુંથુનાથજીની પ્રતિષ્ઠા કીધી હતી તથા વળી નારદપૂરે અનેક જિનબિંબની પ્રતિષ્ઠા કીધી હતી. વળી શ્રી અમદાવાદ નગરમાં લુંકામતના અધિપતિ રૂષિ મેધજીએ લુંકામત દુર્ગતિનો હેતુ જાણીને તે મતને રજનીની જેમ છાંડીને પચવીસ મુનિઓની સાથે પાદશાહ અકબરની આજ્ઞા-પૂર્વક મોટા ઉત્સવ પૂર્વક આ જ હીરવિજયસૂરિની પાસે ફરી દીક્ષા લીધી હતી. હવે શ્રી હીરવિજયસૂરિ અને પાદશાહ અકબ્બરના સમાગમનું કારણ અત્ર નીચે પ્રમાણે લખવામાં આવે છેઃ—

શ્રી ગુજરાતમાં સતર હજાર ગામનું પાટવી ટિલાયત, શેહેર અમદાવદ છે. તેની પાસે ગંધાર બંદર છે. તે ગંધાર બંદરમાં રામજી ગંધારીઓ નામે મહા ધનાઢય શ્રાવક વસતો હતો. તે શ્રાવકે શ્રી હીરવિજયસૂરિની અતિ ખ્યાતિ સાંભળીને એવો અભિ-ગ્રહ ધાર્યો કે જ્યાંસુધી યુગપ્રધાન સમાન મહા પ્રભાવિક શ્રી હીર-વિજય સૂરિને ન વાંદુ ત્યાંસુધી વિગય ન વાપરૂં. આ પ્રમાણે ધા-રીને સૂરીશ્વરને ગંધાર નગરે ચતુર્માસ કરવાને વિનતિ લખી. તે શ્રાવકની વિનતિ પ્રમાણ કરીને વાટમાં ત્રણ ચોમાસાં કરીને ચ-તુર્થ ચોમાસે ગંધાર નગર નજીક આવ્યા એટલે વધામણીયા કાસીદે વધામણી આપી. શેઠે વધામણીમાં પાંચસો વખારની કુંચીઓ આપી કાસીદને કહ્યું કે તેમાંથી એક કુંચી ગમે તે ઉપાડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે કાસીદે મોટી જોઈને કુંચી ઉપાડી. વાણોતરે વખાર ઉઘાડી આપી, તે માંહે પાંચસો વહાણના બોરડાં વિગેરે સામાન નીકળ્યો. તે વારે શેઠે વિચાર્યું જે એને એ કાસીદ બિચારો શું કરશે, તેથી તેની કીમત કરાવી તો અગ્યાર લાખ બાત્રન હજાર રૂપૈયાની થઇ, તે સર્વ દામ વધામણીયાને ગણી આપ્યા.

પછી એ ધનાઢય ગુરૂભક્ત શેઠે સૂરિશ્રીનું સામૈયું અતિ ઠાઠ માઠ સહિત કરવાને શ્રી સંઘ સમસ્તને આમંત્રણ કરી પોતાના સેવક વર્ગને નગર શણગારવાનો આદેશ કર્યો. એટલે એમણે એ શેઠની આજ્ઞાને અનુસરીને ચૌટાં પ્રમુખ સાફસુફ કરાવી ત્યાં સુગંધી જળનો છંટકાવ કરાવ્યો; અને શેરીએ શેરીએ અને ઘેર ઘેર તોરણ બંધાવ્યા સામૈયું નીકળ્યું એમાં સાબેલાનો પણ પાર નહોતો: માતાઓએ પોતાના પુત્ર પુત્રીઓને ઉત્તમ વસ્ત્રાલંકાર ધારણ કરાવીને ( બાહ્ય ) શોભામાં એક બીજાથી શ્રેષ્ટ દેખાતાં કરવાનો પ્રયાસ લેવામાં કંઈપણ ઉણપ રાખી નહોતી. એકસોને આઠ મહારૂપવંત સૌભાગ્યવતી સ્ત્રીઓ સોળે શણગાર સજીને શિરપર સુવર્ણવર્ણા કળશ લઇને ધવળ મંગળ ગાતી ગાતી પાછળ હાથણીઓની પેઠે મલપતી ચાલથી ચાલતી હતી, એથીતો સામૈયાના ઠાઠની અવધિ આવી રહી હતી. વિન્ધ્યાચળના જળ પ્રદેશની મોજમજામાં ઉછરેલા હસ્તિઓ, ઉત્તમ રેવાળ ચાલ ચાલનારા પવનવેગી અશ્વરત્નો, સોના રૂપાના રથ પ્રમુખ વાહનો. સુખાસનો વગેરેથી અધિક અધિક શોભા બની રહી હતી. સતાર સારંગી પ્રમુખ છત્રીશ જાતિના વાજીંત્રોનો સુસ્વર, ભાટ ચારણ આદિ બંદિજનોની બિરૂદાવલીની સાથે મળી જઇને શ્રોતેન્દ્રિયને કંઈ ઓરજ આનન્દ આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પનો હતો. ટુંકામા એટલુંજ કે આ ઉત્સવથી દરેક ભવ્ય જીવના હૃદય કમળમાં અવર્ણ્ય ઉલ્લાસ પ્રસરી રહ્યો હતો.

આવું સામૈયુ લઇ શેઠ શ્રીએ સૂરીશ્વરની સન્મુખ આવી પાંચ અભિગમ સાચવી ત્રણ પ્રદક્ષિણા દઈ દ્વાદશ આવર્ત વંદને એમને વાંદ્યા; અને એમ પોતાનો અભિગ્રહ સફળ કર્યો. ગુરૂજીને લઈ સામૈયું પાછું ફર્યું. રસ્તે શેઠે યાચકોને યથાશક્તિ દાન આપી સંતુષ્ટ કર્યા અને શહેર વચ્ચે થઇને ગુરૂશ્રીને ઉપાશ્રયે પધરાવ્યા, ત્યાં આગળ સૂરીશ્વરે સકળ જન્તુને હિતકારિણી, ઉભય લોક સધાવનાર ધર્મદેશના રૂપ અમૃતની, તો શેઠશ્રીએ એક આ લોકને સધાવનાર ઉદર પૂરણાના અંગભૂત એવા સોનૈયાની, પ્રભાવના કરી. એથી જિન શાસનની ઘણી પ્રશંસા થઇ અને અન્ય દર્શનીઓ પણ એની વાહવા બોલવા લાગ્યા.

હવે સૂરીશ્વરજીને અહિં ગંધારમાં ચોમાસું રાખેલા છે અને શ્રાવક વર્ગ એમના ઉપદેશ થકી વિશેષ પ્રકારે નવનવા કાર્યમા પ્રવૃત્ત થઇ રહ્યા છે.

આ અરસામાં મહાન્ અકબર પાદશાહ મોગલ ગાદીપર રાજ્ય કરતો હતો એ પાદશાહે શ્રી થાનસિંહ અને ટોડરમલ એ બેને પોતાના દિવાન તરીકે રાખેલા હતા. એમને ચાંપાબાઇ નામે એક ફોઈ હતી. તેને એવો અનુભવ ઉપજ્યો કે છ માસી તપ કરૂં, તેથી પોતાના બેઉ ભત્રીજા પાસે રજા માગી, ગુરૂ પાસે જઇ છમાસી તપ કરવાના પચ્ચખ્ખાણ કર્યા. કુલદીપક ભત્રીજાઓએ ફોઈબાને સુખપાલમાં બેસાડી વાજતે ગાજતે ઘેર આણ્યાં. રસ્તે ધર્મપર અત્યંત આસ્થાવાળા એ બેઉને ઉઘાડે પગે ચાલતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂખામાં બેઠેલા પાદશાહે જોયા. જોઇને બોલ્યો કે આવો હિંદુ-ઓનો ધર્મ કેવો કે સ્ત્રીની આગળ પુરૂષો ઉઘાડે પગે ચાલે છે ? એમ કહી કોઈ હજુરી હાજર હતો તેને મોકલી થાનસિંહને પોતાની પાસે બોલાવી એ બાબતનો ખુલાસો પૂછયો. થાનસીંહે ખુલાસો કર્યો— એ પાલખીમાં બેઠાં છે એ મારાં ફોઈબા થાય છે. એ બહુ હિમ્મત ધરીને ૭ મહિનાના રોજા રહ્યાં છે. પાદશાહે કહ્યું—એમાં શું ? દિવસે નહિ ખાય તો રાત્રે ખાશે. એવો તપ તો અમારા ઘણા ફકીર લોકો કરે છે. થાનસીંહે ઉત્તર આપ્યો— પાદશાહ સલામત, અમારા રોજા યાને ઉપવાસ એવા નથી. અમારા ઉપવાસ તો નકોરડા ઉપવાસ છે. દિવસે કે રાત્રિએ ક્યારેએ કંઇપણ ખાવું નહીં, બહુ તરસ લાગે તો ઘણું ગરમ કરીને ઉકાળેલું પાણી ઠારીને રાખી મૂકયું હોય તે પીવું. બીજું કાંઇ લેવા કે દેવા. આવો અમારો ઉપવાસ છે. એ પ્રમાણે ૭ માસ પર્યન્ત કરવાના છે. એ સાંભળી અતિ આશ્ચર્યમાં ગરકાવ થઇ પાદશાહ બોલ્યો—અરે થાનસિંહ, એ શું બોલ્યો ? અનાજ વિના જીવાય જ કેમ ? તોપણ ભલે—તારૂં કહેવું તોજ માની શકું કે જો એ તારી ફોઈબા અમારા મહેલમાં ૭ મહિના સુધી રહે. અમે પોતે ખાસી તરેહથી એમની ખીજમતમાં સુધાં રહેશું. પીવાનું પાણી બહારથી આવશે તે માફ. બાકી કંઈપણ ખાવાનું લાવવા દેવામાં આવશે નહીં. તારી ફોઇ છે એ મારીજ ફોઇ છે એમ હું માનીશ. માટે જા એમને અહિં આપણા મહેલમાં તેડી લાવ.

પાદશાહની આવી ઈચ્છા જોઇ, ભત્રીજો ફોઈબાને મહા આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડંબર સહિત તેડી લાવ્યો. પાદશાહે પણ પોતાની હુરમ અને દાસદાસીઓને હુકમ કર્યો કે, એ બાઈને તમે સઘળા તમારી ફોઈ કરીને માનજો. એની ઘણી સારી રીતે બરદાસ્ત ચાકરી કરજો અને હરેક ખીજમત ઉઠાવજો. ફકત એક ઉકાળેલું પાણી અંદર આવવા દેજો; પણ ખાવાની કંઈપણ વસ્તુ, મેવો, મીઠાઇ ઇત્યાદિ આવવા દેશો નહીં. એ પ્રમાણે સર્વેને હુકમ કરીને બાદશાહ કચેરીમાં ગયો.

એમ કરતાં પહેલો માસ વીત્યો. બીજો ને ત્રીજો મહિનો પણ પસાર થયો. ચોથો પૂરો થયો અને પાંચમો પણ ગયો. હમેશાં ખબર અંતર પૂછતાં છઠ્ઠો મહિનો પણ પૂરો થવા આવ્યો. ભાદરવા શુદિ ચોથ પાસે આવી. એટલે થાનસિંહ પાદશાહ પાસે રજા લેવા આવ્યો. તે બોલ્યો—હે પાદશાહ, મારી ફોઇબાને છ મહિનાના રોજા પૂરા થયા છે, ફકત એકજ દિવસ બાકી છે, માટે આપનો હુકમ હોય તો આજનો દિવસ દેવગુરૂને પગે લાગવા જાય; અને કિતાબપુરાણ સાંભળે. અમારી ન્યાતવાળા અને કુટુંબવાળા સૌને જમાડયા પછી એ જમશે. એ સાંભળી પાદશાહે પોતાની હુરમોને અને દાસીઓને સર્વેને બોલાવી-પૂછી ખાતરી કરી કે એ બાઈએ એક ઉકાળેલા પાણી શિવાય બીજું કંઈપણ અનાજ આદિ ખાધું નથી. એ પરથી પોતે અત્યંત આશ્ચર્યમાં ગરકાવ થઈને, ચાંપાબાઇ પાસે આવી પૂછવા લાગ્યો—અરે ફોઈબા, તમે છ મહિનાના રોજા કર્યા એ કોની કરામતથી કર્યા? ચાંપા બાઇએ ઉત્તર આપ્યો—મારા દેવગુરૂની કરામતથી કર્યા. દેવને તો અકબર પાદશાહ પત્થરના પુતળા જેવા કહીને ઓળ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખે છે એમ બોલ્યો. પણ ગુરૂ કોણ એ ન જાણતો હોવાથી ચાંપાબાઈએ ખુલાસો કર્યો.—

મારા ગુરૂ શ્રી હીરવિજયસૂરિ ગુજરાતમાં ખંભાત શહેરની પડોસમાં ગંધાર નગરમાં છે ત્યાં આગળ રામજી ગાંધારીઓ નામે શેઠ રહે છે. એમણે ઘણો આગ્રહ કરીને એમને ત્યાં રાખેલા છે. એ મારા ગુરૂની કરામતથી—એ મારા હીરવિજયસુરિશ્વર ગુરૂની કૃપાથી મેં મારા રોજા–ઉપવાસ પૂરા કર્યા છે. એ સાંભળી પાદશાહે ચાંપાબાઇને પહેરામણી કરી રજા આપી.

હવે પાદશાહ પોતે વિચારમાં પડયો—કલ્પનાના ઘોડા ને ઘોડા દોડાવવા લાગ્યો.– અહો ! એ ગુરૂ— એ ચાંપાબાઇનો ગુરૂ તે એવો કેવોક હશે કે જેણે ગુજરાતમાં–ગંધારમાં બેઠા બેઠા કરામત કરી–અને એ કરામતથી ચાંપાબાઇએ છ છ મહિનાના રોજા કર્યા ! માટે એ ગુરૂના દર્શન કરૂં તો બહુ સારૂં થાય. એમ વિચારી ગુજરાતના સૂબા ઉપર એવી મતલબનું એક ફરમાન લખી મોકલાવ્યું કે, ખંભાત શહેરની નજીકમાં ગંધાર ગામમાં એક હીરવિજયસૂરિ નામે મહાન્ આચાર્ય રહે છે, એમને અમારા સલામ કહી કુશળ સમાચાર પૂછી અરજ કરી કહેવું જે—તમોને પાદશાહ બહુ યાદ કરે છે માટે માર્ગનો જે ખરચ થાય તે લ્યો અને તૈયાર થઇને આવો. આ ફરમાન ગુજરાતના સૂબા ઉપર ગયો એણે એ ખંભાતના સૂબા ઉપર મોકલ્યો, ત્યાંથી ફરતો હરતો ગંધાર ગયો. પાદશાહના માણસો ફરમાન લઇને આવ્યા તે વખતે રામજી ગંધારીઓ ગુરૂ શ્રીની આગળ સિદ્ધાંત સાંભળતો બેઠો હતો. અકબર પાદશાહે સૂરિશ્વરને તેડાવ્યા છે, એ ફરમાન વાંચી પોતે એ માણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોને લઈને ખંભાત ગયો. ત્યાંથી મહાજનને સાથે લઈ રાજનગર ( અમદાવાદ ) ગયો. ત્યાં સર્વ મહાજને મળીને મહેતા મુત્સદ્દી વર્ગને સમજાવી રાજી કરી, માણસોને ફરમાનનો ઉત્તર લખાવી આપીને પાછા વાળ્યા. માણસો પાછા પાદશાહ પાસે આવ્યા ફરમાનનો જવાબ આવ્યો તે દીવાને પાદશાહને વાંચી સંભળાવ્યો. "હીરગુરૂની આખર અવસ્થાછે; કાંઈક વળત ભાવ થશે તો એમને વિના વિલંબે આપની સમક્ષ મોકલાવી આપશું." આ પત્ર પાદશાહે સાંભળ્યો—વાત માની—એમ હશે, કહ્યું.

આ વખતે આ દિલ્લી શહેરમાં એક ઘાંચી રહેતો હતો તેના ઘરની દીવાલ જીર્ણપ્રાય હતી તે ચોમાસામાં બહુ વરસાદના મારથી પડી ગઇ. એ દુરસ્ત કરવા માટે ઘાંચીએ ફરી દીવાલનો પાયો ખોદવા માંડયો, તો તેમાંથી તેને એક સુંદર ચાર ખાનાવાળી દીવી જડી. તેનો ઘાટ ઘણો સુશોભિત હોવાથી એ ઘાંચીને બહુ ગમી ગઈ. તેથી તેણે તેને માંજી ચોખી કરી સંધ્યા સમયે તેલ પૂરીને ચારે ખાનામાં ચાર દીવા કર્યા. દીવા પ્રગટયાની સાથે તેણે દીવીનાં આસપાસ ચાર ઓલીઆ ફકીર ફરતા દીઠા. એમને જોઇને ઘાંચી બહુ ભય પામ્યો. પણ પેલા ઓલીઆઓએ તેની પાસે આવી ઊભા રહી તેને શાંત કરી કહ્યું—ભય ન પામીશ. અમે ચારે જણ આ દીવાને આધીન છીએ. જ્યાં સુધી આ દીવા બળ્યા કરશે ત્યાં સુધી અમે અહિંને અહિં હાજર રહેશું. એ દીવીના ચારે ખાનામાં મંત્રાક્ષરો લખેલા છે તેને લીધે અમે એ દીવીના સેવક છીએ. આ દીવીને જે પ્રગટે તે અમને જે કાર્ય ફરમાવે એ અમે પાર ઉતારી આપીએ છીએ.

આ જોઇને તો ઘાંચીને અત્યંત વિસ્મયની સાથે હર્ષ થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની મનકામના સિદ્ધ કરી આપનારી વસ્તુની પ્રાપ્તિ થઈ તેથી હવે તેનું દારિદ્ર જવાનું એટલુંજ નહિ પણ પોતે એક મોટા માણસ બની જવાનો એવા એવા મનસુબાએ તેને ગાંડા ઘેલો કરી દીધો. તરતજ તેના દીલને વિષે એવો શોખ ઉત્પન્ન થયો કે, જ્યારે ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી શકાય એમ છે ત્યારે પહેલવહેલા તો આપણે અકબર પાદશાહનો મહેલ જોવો. એ પરથી પેલા ઓલીઆઓએ એને ઉપાડીને પાદશાહના મહેલમાં મૂકયો. ત્યાં એણે ફરી ફરીને જોવા માંડયું. પાદશાહની શય્યા જોઈને સુઇ જવાનું મન થયું અને સુતાની સાથે નિદ્રા આવી ગઇ. ઘેર દીવી બળતી હતી તેમાં દીવેલ થઇ રહ્યું એટલે દીવા બુઝાઈ ગયા તેની સાથે તેના સેવક પણ અદ્રશ્ય થયા.

એવામાં રાત્રી પડી તેથી અકબર પાદશાહ મહેલમાં સુવા આવતાં પોતાની શય્યાને વિષે પેલા મલિન વસ્ત્રાવાળા ઘાંચીને ઘોર નિદ્રામાં ઘોરતો જોયો. અચંબો પામી ઘાંચીને જગાડયો પણ ઘાંચી તો ભયથી ધ્રુજવા લાગ્યો. " તું કોણ છે, કેવી રીતે અને શામાટે આ જનાનામાં દાખલ થયો, તે સાચે સાચું કહીદે. " એવો પાહશાહનો હુકમ સાંભળીને ઘાંચીએ સર્વે વાત યથાસ્થિત કહી સંભળાવી. પાદશાહ બહુજ રોષે ભરાણો, પણ એ અત્યંત આશ્ચર્યવાળી દીવીની વાત સાંભળીને નરમ પડયો. વાતની પરીક્ષા કરવા માટે પોતાના માણસને મોકલાવી ઘાંચીને ઘેરથી દીવી મંગાવી. સવાર પડી એટલે ઘાંચીને ન્હવરાવી કરી શુદ્ધ વસ્ત્રાદિ પહેરાવી પોતાની પાસે રાખ્યો. સાયંકાળે તેની સમક્ષ દીવી પ્રગટાવી તો ઘાંચીની કહેલી વાત અક્ષરશઃ ખરી પડીઃ તેના કહેવા પ્રમાણે પેલા ચારે ઓલીઆ ફકીર આવીને પ્રગટનારની સેવામાં ઉભા. એ જોઈને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાદશાહના સાનન્દાશ્ચર્યનો કંઈપણ પાર રહ્યો નહીં. પછી એણે ઘાંચીને સન્માન સહિત શિરપાવ આપી ઘેર વિદાય કર્યો.

હવે જ્યારે જ્યારે ઈચ્છા થાય ત્યારે અકબર પાદશાહ તો દીવી પ્રગટાવીને ઓલીઆઓને પોતાની સમક્ષ બોલાવવા લાગ્યો ને દેશ દેશાવરના નવનવીન સમાચાર પણ એમના થકી જાણવા લાગ્યો. એકવાર એને યાદ આવ્યું કે લાવને પેલી ચાંપાબાઈના બહુ કરામત વાળા હીરગુરૂના સમાચાર આ ઓલીઆ થકી મેળવીએ. ઇચ્છા થતાંની સાથે ઓલીઆઓએ ખબર આપ્યા – હે પાદશાહ, હીરગુરૂ ગંધાર શહેરમાં સર્વ વાતે કુશલ છે, સર્વ રીતે એમને આરામ છે, કંઇ પ્રકારનો આધિ વ્યાધિ બીલકુલ એમને નથી. એમને અહીં આવવાની ઈચ્છા ન હોવાથી, રામજી ગંધારીએ તમારા માણસોને લાંચ રૂશ્વત આપીને ખોટો કાગળ મોકલાવ્યો હતો. એ સાંભળીને પાદશાહને બહુ ગુસ્સો ચઢયો તેથી સવારના પહોરમાં એક તાકીદનો ફરમાન કાઢીને ગુજરાતના સૂબા ઉપર મોકલાવ્યો; માંહે લખ્યું જે જૂઠા જૂઠા બહાનાં કાઢીને જૂઠા સમાચાર કહેવરાવ્યાછે તે અમારા ધ્યાન બહાર નથી. હવે તો સૂબાસાહેબથી કંઇપણ કહેવાય એમ રહ્યું નહીં. એણે રીતસર ફરમાન મોકલાવ્યો, તે ફરતો ફરતો ગંધાર આવ્યો; ગંધારવાળાએ તાકીદ કરી એની પાસે રામજી શેઠનું કંઈ જોર ચાલ્યું નહીં. તેથી નિરૂપાયે સૂરીશ્વરને મોકલવા પડયા. એક મોટો ઉત્સવ કરીને સુરિશ્રીએ શ્રી વિજયસેનસૂરિને પોતાની પાટે સ્થાપ્યા અને પોતે પાંચસો સાધુના પરિવારે વિહાર કર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગિરનારની ગુફા.

## ( એક સ્વપ્ન. )

હે તત્ત્વજિજ્ઞાસુ યુવાન, આવા કોઇપણ મનુષ્ય પ્રાણીથી પોતાની મેળે પ્રવેશં નહિ કરી શકાય એવા દુર્ગમ અને અદ્ભૂત લીલાવાળા પ્રદેશમાં તું કેવીરીતે આવ્યો તેનો તને કંઈક તો ભાસ થયો હશે. તું સમજ્યો તો હોઇશ કે આ સુંદર મનહર પ્રદેશને વિષે તને લાવીને મૂકનાર કોઇ દિવ્ય શક્તિજ છે. તે તારા કલ્યાણને અર્થેજ અહિં તને લાવી છે. તારી સકળ શંકાઓનું સમાધાન અહિં થશે તારૂં ઇચ્છિત પૂર્ણ થશે. માટે ચિન્તા ન કરતો. તું કોણ? કયાંથી આવ્યો ? કયાં જઈશ ? આ સંસારરૂપ સમુદ્રને કેવી રીતે તરવો ? ઈત્યાદિ જે તારા મનમાં ગુંચવાડા ઉભા થયા છે તેને અહિંજ તું અલ્પ સમયમાં તારી પોતાની મેળેજ સમાધાન કરી બેસારી દઈ શકીશ. તેં આ મોક્ષની જિજ્ઞાસાવાળા પુરૂષોને અત્યંત કલ્યાણકારી થઈ પડે એવા પ્રશ્ન પૂછવા માંડયા છે, એ 'આત્મસ્વરૂપનું ચિન્તવન, કહેવાય છે. મનુષ્ય જો નિત્ય દઢ નિશ્ચય અને નિયમથી, વધારે નહિં તો દિવસમાં માત્ર એક અથવા બે ઘડી પણ અમુક નિયમીત સમયે, આત્મસ્વરૂપનું ચિન્તવન આદિ કરે, અને સત્સંગ રાખે તો સમય વીતતાં તેનો અભ્યાસ પરિપક્વ થઇ સ્થિર થઇ જાય છે. તેથી તે પછી ગમે તેવા પ્રપંચના કાર્યોમાં પડે છે તોપણ પોતાના નિયમમાં ચૂકતો નથી. લાંબા અભ્યાસથી આત્મસ્વરૂપના ચિંતનનું પોષણ થઇ આખરે જીવ સંસારની ઉપાધિથી મુક્ત થઇ સિદ્ધ દશાને પામે છે. હે જિજ્ઞાસુ બાળ, તેં સાંભળ્યું તો હશે કે આ સંસારમાં ચોરાશી લક્ષ યોનિ, જીવોને અવતરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે છે. તેમાં સૌ કરતાં આ મનુષ્ય યોનિ ઉત્તમ છે, અને તે જીવને પ્રાપ્ત થવી ઘણી દુર્લભ છે. છતાં પૂર્વ ભવના પૂર્ણ પુણ્યોદયને લીધે તે પ્રાપ્ત થઈ તો તેને સહજમાં ગુમાવી ન દેતાં અવશ્ય સાર્થક કરવીજ જોઇએ; અર્થાત્ અહર્નિશ આત્માનુ ચિન્તવન કરી તેનાં સ્વરૂપને ઓળખવું જોઇએ. સર્વ મનુષ્ય પ્રાણીઓ આખો દિવસ દુસ્તર સંસારના ચીકણા વ્યવહારમાં ગુંથાયલા રહેછે એમણે પણ વખત સર પોતાનાં એ કાર્યમાં કદિપણ ચુકવું ન જોઈએ. પ્રભાતે ઉઠી નિત્ય નિયમ વગેરે કરી લઇ, આખો દિવસ અહીં તહીં ફરીને પોતાની આજીવિકાર્થે અનેક કાર્ય કરવાં પડે તે કરી લઇ, જીવ ખાય છે, પીએ છે અને સ્ત્રી પુત્રાદિક કુટુમ્બ પરિવારમાં બેસીને નિશ્ચિતપણે વિશ્રામ લેછે, તે જીવે પાછો સમય આવ્યે સજ્જ થઈ આત્મસ્વરૂપ ચિન્તન કરવા પણ મંડી જવું જોઈએ, વખત મળ્યે પોતાનું એજ જે ખરૂ કર્તવ્ય છે તે સાધવા ચુકવું ન જોઇએ. આમ જે ચૂકતો નથી અને મહાત્મા, જ્ઞાની, યોગીજન વગેરે પાસેથી જ્ઞાન સંપાદન કરી તેનું મનન, નિદિધ્યાસન વગેરે કરે છે તે પ્રાન્તે મોક્ષવધુના યોગ્ય કંથ તરીકે તેનો હસ્ત મેળવવાને ભાગ્યશાળી નીવડે છે. સંસારના બંધનોથી આમ તે સહજજ મુક્ત થઇ શકે છે. અને એને માત, તાત, સ્ત્રી, પુત્ર વગેરે પોતાના પોષ્ય અને આશ્રિત વર્ગને ટળવળતો મુકી વૈરાગી થઈ નાસી જવાની જરૂર પડતી નથી. પૂર્વે કોઈએક રાજા વિષે એમ કહેવાય છે કે તે સંસારનો ત્યાગ કરી યોગીવેષ પહેરવા તૈયાર થયો ત્યારે વિશેષ વિદ્વાન્ કહેવાતા હતા એમણે એને ઉપદેશ આપ્યો કે આપ ધારતા હશો કે, ઘરનો ત્યાગ કર્યો અને મુનિનો વેષ પહેર્યો એટલે થયું. વેષ પહેર્યો એથીજ પ્રાણીને મોક્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળી જાય છે એમ નથી. તમે એમ ધારતા હો તો તમારી ભૂલ છે. ખરૂં આવશ્યક કરવાનું જે છે તે તો ખરેખરા વૈરિ જે કામાદિક શત્રુઓ તેને જીતવા અને પાંચ ઇંદ્રિઓ અને છઠું મન તેમનાપર નિરોધ રાખવો એજ છે. વસ્ત્ર બદલ્યાં પણ મન નિર્મળ થયું નહીં, ક્લેશ ત્યજ્યો નહી, મારૂં મારૂં કરી મમત્વ ભાવ દૂર કર્યો નહીં, એવાઓને કોઇપણ સ્થળે સંસાર છોડતોજ નથી. પણ ગૃહસ્થાવાસમાં જો જીવ નિર્મળ થઈ, જિતેન્દ્રિય બની, એક સચ્ચિદાનંદ સ્વરૂપમાં નિમગ્ન રહે તો ગૃહસ્થાશ્રમ પણ તેનું કલ્યાણ કલ્યાણ કરી મુકે છે. શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાય પણ કહેછે કે—

**बिभेषि यदि संसारात् मोक्षप्राप्तिं च कांक्षति ।**
**तदेन्द्रियजयं कर्तुं स्फोरय स्फार पौरुषम् ॥**

અર્થઃ — જો તને સંસારનો ભય હોય અને મોક્ષની ઈચ્છા હોય તો તારૂં સર્વ પરાક્રમ સ્ફુરાવી સર્વ ઈન્દ્રિઓ પર વિજય મેળવ.

માટે ઈન્દ્રિઓને જીતવા માટે ગૃહસ્થાવાસ રૂપ કિલ્લામાં રહીને પણ જો પૂર્ણ પ્રયત્ન કરવામાં આવે તો તે અનુત્તમ નથી. અન્યદર્શનવાળા પણ કહેછે કેઃ—

સંસાર શું સરસો રહે, ને મન મારી પાસ;
સંસારમાં લેપાય નહિ; તેને જાણ મારો દાસ.

શ્રીમદ્ ભગવદ્ગીતા.

આત્મચિંતવન વિષે આટલો સંક્ષિપ્ત ઉપોદ્ઘાત કરી યોગીશ્વરે મારા બાવરા વિકળ ચિત્તને શાંત કરવાને વિશેષ વ્યાખ્યાન આપવા માંડયું:—

હે જિજ્ઞાસુ, આજકાલ બુદ્ધિ મહાત્મ્ય બહુ વધી ગયું છે, અને તેમાં દેખાતી ચંચળતા બહુ વિસ્મય પમાડનારી, તથા વિચિત્રતા દર્શાવનારી છે. તું સત્ય શું, નિત્ય શું ? ચિદાત્મા, પરમાત્મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે શું? વગેરેની શોધમાં નીકળ્યો છે, પણ સર્વ જીવ તારા સમાન જિજ્ઞાસાવાળા દૃષ્ટિગોચર થતા નથી. વિશેષ ચંચળ બુદ્ધિવાળા જીવો તો ઉલટા એવા વલણવાળા છે કે જાણે એઓ આ સંસાર-રૂપી અટવીમાંજ ભ્રમણ કરવાનું શોધતા હોય; જોકે એમનો બાહ્ય દેખાવ એવો હોયછે કે જાણે એઓ પરમગતિ જે મોક્ષ–મુક્તિ–સિદ્ધદશા–સિદ્ધસ્વરૂપ એવા અનેક નામે ઓળખાય છે, એનું પરમ રહસ્ય જાણવા માટે અત્યંત શ્રમ લે છે. આમ થાય છે. એટલે પરમાત્મા સંબંધી નિર નિરાળા મનુષ્ય જીવોના નિર-નિરાળા વિચારો દશ્યમાન થાય છે. માટે સમજવું જોઇએ કે જે સત્ય–પરમસત્યની શોધમાં તું નીકળેલો છું એમાં ચંચળ બુદ્ધિ કંઈપણ કરી શકતી નથી. કારણ કે અસાધ્ય રોગને માટે ઉંટવૈદ્ય નકામા છે, એમાં તો ધન્વંતરીનીજ જરૂર પડે છે. માટે આવા ગૂઢ વિષયની જિજ્ઞાસાવાળાએ જો શુદ્ધ મનથી પરમાત્માને શોધવો હોય તો સંકલ્પ વિકલ્પ પડતા મૂકી, માયાની મોહિનીને દૂર કરી, મમત્વભાવ સર્વાંગે ત્યજીદઇ, અનેક મતમતાંતરો પોતપોતાનો આગ્રહ આગળ ધરે છે તેની લેશમાત્ર પણ પરવા કરવી નહીં – જ્યાં પોતાની દષ્ટિ પણ પહોંચી શકતી નથી એવી નવનવીન કલ્પનાઓને સ્થાન ન આપવું. કારણકે એમ કરતાં તો અનેક મનુષ્યોનો જન્મારો એળે ગયો છે અને એળે જશે. ડાહ્યા મનુષ્યે તો પરમાત્માને પ્રાપ્ત કરવા જેવા ગૂઢ વિષયમાં આટલોજ વિચાર રાખવો આવશ્યક છે. શાસ્ત્રો અનેક છે, અને આયુષ્ય અલ્પ છે. તેમાં એ વળી વિઘ્નોનો પારજ નથી–એક ગયું ત્યાં બીજું આવીને ઉભું જછે. એવી સ્થીતિને વિષે, અનિત્યના જે બાહ્યભાવો તેનો ત્યાગ કરી નિત્ય એવા જે આન્તર ભાવો તેમને નિરન્તર ઉજ્વળ દશામાં ને ઉજ્વળ દશામાંજ બન્યા બન્યા રાખવા. જ્યાંસુધી અંતરંગની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મલિનતા દૂર થઇ, ત્યાં આગળ પૂર્ણ પ્રકાશ થયો નથી, ત્યાંસુધી કર્મ-સુખ-દુઃખ આદિ ભોગવવાનું છેજ. પણ અંતરમાં પૂર્ણિમાની પૂર્ણ ઉજવળતા ખડી થઇ એટલે બસ. પરમાત્માની પ્રાપ્તિ થઇ ચૂકી.

પણ એ જે જ્ઞાન પ્રાપ્ત કરવું—એ જેવી તેવી બુદ્ધિવાળાનું કામ નથી. હે બાળ, તારા જેવા અનેક જિજ્ઞાસુઓમાં શ્રવણ, મનન અને નિદિધ્યાસનની ઇચ્છાવાળા બહુ હોય છે, પણ એમની મતિ એવા ગહન વિષયમાં કોઇએ એટલું કામ કરી શકતી નથી. (એમની સમજણમાં ઝટ સહેલાઇથી આ વિષય ઉતરતો નથી). માટે તારા જેવા સામાન્ય જીવોને બહુ ઓછા પરિશ્રમે ધર્મ વિષયમાં અને જ્ઞાન વિષયમાં પણ લાભાલાભ સમજાય—સત્યાસત્યનો નિર્ણય કરી શકાય એવાં કંઇક વ્યાખ્યાનો આપવાનું હું યોગ્ય ધારૂં છું. એટલું સમજ જે સ્થિતિવિના ધર્મ સમજાતો નથી, ધર્મ વિના પરમાત્માની પ્રાપ્તિનું જ્ઞાન થતું નથી, અને જ્ઞાન વિના અખંડ આનંદના ભોક્તા થવાતુ નથી. મનુષ્યભવનું સાફલ્ય પણ ત્યારેજ છે. જ્ઞાન પ્રાપ્તિમાંજ પૂર્ણાનન્દ પ્રાપ્તિનો અતિ ઉત્તમ હેતુ સમાયલો છે.

આ વાતનેજ દ્રઢીભૂત કરતા હોય એમ-શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાય પણ કહે છે કેઃ—

જ્ઞાની જ્ઞાન મગન રહે રે, રાગાદિક મળ ખોય;
ચિત્ત ઉદાસ કરણી કરેરે, કર્મબંધ નવી હોય.

વળી. निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः ।
तदेव ज्ञान मुत्कृष्टं निर्बन्धो नास्ति भूयसा ॥

અર્થઃ—આત્માને એક નિર્વાણપદને વિષે તન્મયતા થાય એવું જ્ઞાન તેજ જ્ઞાન. અનેક મોટાં મોટાં શાસ્ત્રોની કંઈ આવશ્યકતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સૌન્દર્ય અને શ્રેષ્ઠતા,

## યાને

## દૃષ્ટિદ્વારા શિક્ષણ.

આધુનિક ભારત ચિત્રકારોની ચિત્રશ્રેણિમાં સરસ્વતીનું ચિત્ર એ સૌન્દર્ય અને શ્રેષ્ઠતાનો નમુનો છે. પ્રેક્ષકના હૃદયમાં તે કેવો દૈવીભાવ ઉત્પન્ન કરે છે ? સચ્ચારિત્રવાન્ મનુષ્યનું સૌન્દર્ય અધિક દીપે છે. ઇતર મનુષ્યનું સૌન્દર્ય જાણે અસ્તિત્વમાંજ નથી એમ ભાસ આપે છે. સદ્‌ગુણોની સાથે હોય તોજ સૌન્દર્ય આદરણીય થાય છે. દુર્ગુણોની સાથે રહેલું સૌન્દર્ય તિરસ્કરણીય થાય છે. કસ્તુરી તે સુંદર; પણ સુગંધરહિત શ્વેત પુષ્પ તે સુંદર નહિ. વાસ ગૃહમાં દૈવીભાવ ઉત્પાદક એવા સુંદર ચિત્રો રાખવાથી પારમાર્થિક લાભ થાય છે. ચિત્રો હૃદય ઉપર બહુજ અસર કરે છે. દૃષ્ટિદ્વારા ઉપદેશ તે કેવળ શ્રોત્રદ્વારા ઉપદેશના કરતાં વધારે વિજયી નીવડે છે—એ અનુભવ સિદ્ધ છે. ઉપદેશકના શાબ્દિક ઉપદેશ કરતાં તેના ચારિત્ર તરફ આપણી દૃષ્ટિ વધારે રહે છે. સન્માર્ગમાં પ્રવર્ત્તતા મુનિનો ઉપદેશ આપણને શુદ્ધ ચારિત્ર તરફ દોરે છે, પરંતુ એકલા બુદ્ધિચાતુર્ય અને વાક્ પટુતાવાળા મુનિ કદાચિત્ આપણને ચાતુર્યથી આંજી દેશે તોપણ ચારિત્રમાર્ગમાંથી જરાપણ સ્ખલના પામતા હશે તો તેથી શ્રોતાજનોને તેઓનો ઉપદેશ લાભકારક નીવડશે નહિ. Example

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



is better than precept —એ અનુભવ સિદ્ધ વાક્ય પણ એમજ ઉદ્‌ઘોષણા કરે છે કે આગેવાનોએ સભાઓમાં ભાષણો કરવાં–પણ તેટલેથીજ અટકી ન જતાં દૃષ્ટિબિંદુ તદનુસાર વર્તન કરવા તરફ રાખવું, અને તેમ વર્તીને જનસમૂહને તે માર્ગે દોરવો, તોજ ફળ છે. કેવળ શ્રોત્રેન્દ્રિય કરતાં ચક્ષુરિન્દ્રિય જ્ઞાન સાધન તરીકે વધારે બળવાન હોય એમ જણાય છે. ઉપદેશના કરતાં ઉપદેશનું સ્થાન અને તે સ્થાનમાં રહેલી ફરતી વસ્તુઓ તરફ માણસોનું હૃદય વધારે આકર્ષાય છે. માટે ઉપદેશાનુસાર ઉપદેશ સ્થાનમાં ફરતી વસ્તુઓ–ચિત્રો–શિક્ષાવચનો, ઉપદેશને પુષ્ટિકારક એવાં રાખવાં જોઇએ. વ્યાખ્યાનશાળામાં મધુબિન્દુનું મ્હોટા કદનું ચિત્ર પ્રેક્ષકને સંસારનું ચિત્ર એકદમ અને સહેલાઇથી આપશે. વીર ચરિત્ર શ્રવણ સમયે વીરચરિત્રના આલેખો વ્યાખ્યાનશાળામાં રાખવાથી વિશેષ લાભ થવો સંભવે છે.

સૌન્દર્ય તે બહિર્ભાવ અને શ્રેષ્ઠતા તે અંતર્ભાવ. અંતર્ભાવને પ્રગટપણે દેખાડનાર તે સૌન્દર્ય. મનુષ્યના હૃદયમાં અમુક સમયે જે ભાવ વર્તે છે તે પ્રમાણે તેની મુખાકૃતિ વર્તે છે. નિર્મળ આત્માનો ભાવ તે બહિઃમુખ ઉપર દેખાતાં સૌન્દર્યદ્વારા દૃષ્ટિગોચર થાય છે. આત્માની અમુક સમયે વર્તતી સંકિલષ્ટતા તે મુખાકૃતિને પણ તદનુસાર અસુંદર, ત્રક. કરે છે. વીતરાગની શાંત સુંદર આકૃતિ અને રાગાદિકમાં ડુબેલા અસુરાદિકોની અરમ્ય આકૃતિ એ ઉભય પરસ્પર વિરૂદ્ધ દૃષ્ટાન્તો પ્રસ્તુત વિચારને વધારે સ્ફુટ કરે છે.

સૌન્દર્ય અને શ્રેષ્ટતાના ધારણહાર પદાર્થો–ચિત્રો—પ્રતિમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓ—પુસ્તકો અને મનુષ્યોનો નિરન્તર સહવાસ તમારામાં સૌન્દર્ય અને શ્રેષ્ઠતા ઉત્પન્ન કરશે. અને એ રીતે તમારૂં શ્રેય થવાનો માર્ગ તમનેં સીધો અને સરળ પ્રાપ્ત થશે. ગુણીજનોનું દર્શન અને ક્ષણ ભરનો પણ સમાગમ તેમજ ઉત્તમ દેવદેવીના આલેખો પ્રેક્ષકના હૃદયમાં જે ઉત્તમ ભાવના ઉત્પન્ન કરે છે તેનું શબ્દચિત્ર આપવું મુશ્કેલ છે.

બાળકોને ચિત્રોથી જ્ઞાન આપવાની રીતિ હમણાં હમણાં કેટલેક સ્થળે દાખલ થએલી છે. એથી એમને આનંદની સાથે રંગ અને આકૃતિનું જ્ઞાન થવા ઉપરાંત એ ચિત્રોમાં રહેલા ગુણો એમના હૃદય ઉપર ભારે અસર કરે છે. એટલે દરજ્જે ચિત્રો પણ ચારિત્ર નિયામક કહેવાય ગર્ભવતી સ્ત્રીના ગર્ભ ઉપર પણ તેના વાસગૃહના પદાર્થોની ભારે અસર થાય છે માટે ભવિષ્યની પ્રજાના કલ્યાણાર્થે ગર્ભવતી સ્ત્રીને આનન્દદાયક એવા પદાર્થો અને ચિત્રોથી શણગારાયેલી ભીંતોવાળા વાસગૃહમાં વસવાની સગવડ બની શકે એટલા પ્રમાણમાં કરવાની જરૂર છે. બાલકોને સારી રીતે કેળવવાનું બીજું સાધન તે લીલો સુવાસિત ફળફુલવાળો બગીચો છે—કે જ્યાં એમને દરરોજ થોડો વખત ફેરવવાથી અતિ લાભ થાયછે. આનું નામ તે બાળકોને દષ્ટિદ્વારા મળતી કેળવણી.

શરીર શુદ્ધિને અર્થેજ સ્નાનના કરતાં વિશેષ પારમાર્થિક લાભદાયી તે દેવપૂજાનુગત સ્નાન. પહેલું તે મત્સ્યસ્નાનના જેવું, બીજું તે ગુણવિશિષ્ટ સૌન્દર્ય ઉત્પાદક એટલે કે સ્નાત્રીયની આત્મોન્નતિ કરનારૂં તથા ઇતર મનુષ્યોને એને પગલે ચાલતાં શીખવનારૂં—માટે પરહિત કરનારૂં પણ ખરૂં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મસંબંધી ક્રિયાને માટે ઉપાશ્રય સૌન્દર્ય અને શ્રેષ્ઠતા એ ઉભય ગુણ ધરાવે છે. પરંતુ વાસગૃહ—તે સુંદર હોય તો પણ આવી ક્રિયાને માટે સુંદર નથી. દરેક ક્રિયાને તદનુસાર સ્થળની આવશ્યકતા છે. એવા સ્થળ વિના ક્રિયા ઇચ્છિત ફળ આપનારી થતી નથી. પોતાને ઘેર અભ્યાસ કરનાર વિદ્યાર્થી કરતાં ઘરથી બહાર નિશાળમાં અભ્યાસ કરનાર અધિક અભ્યાસ કરી શકે છે, એમ પરિણામ સિદ્ધ કરે છે. પોતાને ઘેર રહીને અભ્યાસ કરનાર કરતાં અન્ય વિદ્યાર્થીઓના સમૂહમાં એટલે કે સ્કૂલ કે બોર્ડીંગ જેવામાં રહીને અભ્યાસ કરનારની વૃત્તિ સંકુચિત મટીને વિકસિત અને મહાનુભાવ થાય છે; તેવીજ રીતે ધર્મક્રિયાને પુષ્ટિ આપનાર અને તેથી વિશેષ આત્મગુણોને ઉજ્વળ કરનાર સુંદર ઉપાશ્રયજ સુંદર વાસગૃહના કરતાં ધર્મ ક્રિયાને માટે યોગ્ય છે.

ઉપરના લેખમાં વાસ્તવિક સૌન્દર્ય ગુણવિશિષ્ટ સૌન્દર્યનેજ કહ્યું તથા એવું સૌન્દર્ય નીરખવાથી થતો લાભ વર્ણવ્યો. કેળવણી આપવામાં દૃષ્ટિ મ્હોટો અને મુખ્ય ભાગ બજાવે છે. આગેવાનોએ ભાષણોની સાથે તેવા પ્રકારનું વર્તન કરવું તોજ શ્રોતાઓની ઉપર ધારી અસર થશે. દાખલો બેસારવાની ખાસ જરૂર છે. તેવી રીતે બાળકોને કેળવવા ઇચ્છતા માબાપોએ પોતે સુમાર્ગગામી થવું કારણ કે બાળકો સાંભળે છે તેના કરતાં જુએ છે વધારે.

કહેણી સાકર સમ મીઠી, રહેણી અતિ લાગે અનીઠી;
જબ રહેણીકા ઘર પાવે, તબ કહેણી ગીણતી આવે.

( લખનાર ત્રિભુવનદાસ ઓધવજી શાહ.
બી. એ. એલ. એલ. બી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્ત્તમાન સમાચાર.

## ૧ મુનિવિહાર.

આપણા જૈન વર્ગના નિકટઉપકારી મર્હુમ શ્રીમદ્ વિજયાનંદ સુરીશ્વરજી (આત્મારામજી મહારાજ) નું સતત વિહારી સાધુ મંડળ આજ કાલ હિંદુસ્તાનના ઘણા ઘણા દૂર દૂરના દેશોમાં પણ ભવ્ય જનોના ઉપકાર નિમિત્તે વિચરતું રહેછે. મર્હુમ મુનિરાજમૂળે પંજાબના અને સંસારત્યાગ કરી ચારિત્ર ગ્રહણકર્યું તે પણ પંજાબમાં-એને લીધે એઓશ્રી અને એમનો શિષ્યસમુદાય ઘણો વખત પંજાબના જ જૂદાજૂદા શહેરો અને ગામોમાં વિચરતા રહ્યા હતા; જોકે તે પછી વચ્ચે વચ્ચે આપણા ગુજરાત-કાઠીઆવાડ નિવાસી બન્ધુઓને પણ એમના દર્શન અને ઉપદેશામૃતનો લાભ મળ્યે જતો હતો.

આપણા જૈન મુનિઓને પાળવાના બીજા ઘણા દુષ્કર નિયમો-માંનો એક 'પાદચારીપણું' એ છે. પાદચારીપણું એટલે કે કોઇ પણ વાહન આદિની સહાય વિના ગમે તે દૂરના વિહાર યોગ્ય સ્થાને પગે ચાલતા જવું એ. થોડાંજ વર્ષપર આત્મારામજી મહા-રાજના શિષ્ય મુનિહંસવિજયજીએ વિચરતા વિચરતા કલકતાસુધી જઇ ત્યાં ચોમાસું રહી અન્ય મુનિઓને માટે એ પ્રમાણે પોતાનો વિહાર સર્વ દેશના શ્રાવકોને લાભદાયક કરવાનો દાખલો બેસાડયો હતો. ત્યાર પછી કાઠીઆવાડના ભાવનગર આદિ શહેરો જેમનો અપરિમિત ઉપકાર આ જીન્દગીમાં તો કદિ પણ ભૂલીજવાના નથી એવા શ્રીમદ્ વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્યગણમાંના મુનિ ધર્મવિજયજી બનારસ જેવે દૂરને સ્થળે જઇ વિદ્યાવૃદ્ધિના અતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહત્વવાળા કાર્યમાં પોતાનું તનમન અર્પણ કરી રહ્યા છે એ એમનું ઉપકારકાર્ય પણ કંઇ ઓછી પ્રશંસાને પાત્ર નથી. હમણાંજ એજ ગુરૂના, ગુરૂની પુંજીમાંથી એમનો શાંતમુદ્રારૂપી વારસો લઇને સંતોષ માનનાર શિષ્ય મુનિ કર્પુર વિજયજી—કે જેમણે 'અસલ ફકીરી' નો લેખ લખીને, એ લેખના લાગતા વળગતા પોતાના સહધર્મચારિઓને અચ્છો ધડો આપ્યો છે, એઓ પણ પોતાના જ્ઞાનાભ્યાસમાં વૃદ્ધિ કરવાને અર્થે શ્રી બનારસ જવાને નીકળેલા તે ત્યાં પહોંચી ગયા છે.

આમ એક બે કે ત્રણ મુનિઓજ બહાર નીકળ્યા છે એમ નથી. જેઠ માસ બેશી ચુકયો છે અને અષાઢ પણ એમ કરતાં કરતાં આવી પહોંચશે; તો વાયદા પર વાયદા કરીને છેવટે પણ ગયે વરસે તો લગભગ મુખ સંતાડીનેજ પોતાની ફરજ બજાવ્યાવિના, કોણ જાણે કયાંય ભરાઈ બેઠો હતો, એવો મેઘ રાજા, આ વર્ષે તો જરૂર ઘણા દિવસ થયા તપી રહેલી, તૃષાતુર ભૂમિને વર્ષાદામૃતનું પાન કરાવીને શાન્ત કરવાનો, તો આપણે મુનિ ( રાજા ) ઓ એને પડતો મૂકી, મોર મોર થઇ એના આવવા પહેલાં, આપણી વાટ જોઇ રહેલી બંગાલ દેશની જૈન સમાજ રૂપી ભૂમીને, આપણા ઉપદેશ વચનામૃતની અખંડ ધારાઓથી શા માટે રેલમછેલ ન કરી મુકીએ એવા વિચારથીજ હોયની એમ શ્રીમદ્ આત્મારામજી મહારાજના સંઘાડામાંથી આચાર્ય મહારાજ કમળવિજયજી શ્રી અજીમગંજ પહોંચ્યા છે; અને ઉપાધ્યાય વીરવિજયજી શ્રી કલકત્તે પહોંચ્યા છે. ( એઓ શ્રી ત્યાંજ ચોમાસું કરવાના છે ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૨ મુનિ વિહારના લાભ.

કચ્છ દેશમાં સ્વપરહિતાર્થે વિચરતા મુનિ શ્રી હંસવિજયજી મુદ્રા શહેરમાં ઢુંઢીઆના સાધુને આપણા શુદ્ધ જૈન ધર્મની પ્રરૂપણા કરી, શુદ્ધ ચારિત્ર યાને દીક્ષા આપી, સાત સાધુઓની સાથે અક્ષયતૃતિયાને દિવસે શ્રી ભદ્રેશ્વર પધાર્યા હતા. ત્યાં આગળ પન્યાસ શ્રી સંપદ્‌વિજયજીએ, આ નવ દીક્ષિત સત્યવિજયજી મુનિને તથા એક બીજા મુનિ જેમણે થોડા વખત પહેલાં (હમણાંજ) ભુજનગરમાં ચારિત્ર ગ્રહણ કરેલું છે—એ બેઉ મુનિને વડી દીક્ષા આપીને પોતાના શિષ્ય કર્યા છે.

વળી એમનાજ ઉપદેશથી અને એમનીજ દેખરેખ નીચે વૈશાખ શુદિ ૯ ને સોમવારે એજ ભદ્રેશ્વર તીર્થના બાવન જીનાલયમાં ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના પાંચમા ગણધર શ્રી સુધર્મા સ્વામીની અને ન્યાયામ્ભોનિધિ શ્રીમદ્‌ આત્મારામજી મહારાજની–એમ બે મુર્તિઓ બિરાજમાન કરવામાં આવી છે. એ બેઉ મૂર્તિને મંગાવવાનો તથા પ્રતિષ્ટા વગેરેનો સઘળો ખર્ચ કચ્છ માંડવીના રહીશ શા. લખમશી રાજપાળ તરફથી આપવામાં આવેલો છે પ્રતિષ્ઠાનો વિધિ કરવાને માટે વડોદરાના ઝવેરી શેઠ ગોકલભાઈ દુર્લભદાસ તથા છાણીના શેઠ નગીનભાઇને આમંત્રણ કરી બોલાવ્યા હતા.

આ બેઉ ઉત્સવ પર માંડવી, મુદ્રા, નવાવાસ, લુણી, દેઢીઆ, પત્રી, અને નારણપુર, વગેરે ગામોમાંથી જૈનભાઇઓએ પધારીને અધિક શોભા આપી હતી.

## ૩ ભાવનગરમાં દીક્ષા.

વૈશાખ શુદ ૫ ના રોજ, ભાવનગર શહેરમાં બહોળા વોરા કુટુંબમાંના એક વોરા ખોડીદાસ રણછોડની પુત્ર વધુ બાળવિધવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જયાકુંવરે આ મોહમય સંસારને અસાર રૂપ લેખી, તેનો ત્યાગ કરી, ચારિત્ર અંગીકાર કર્યું છે. બાઈ જયાકુંવર બાલવયે વૈધવ્ય અવસ્થા પામ્યાં હતાં- ત્યારથી નિરંતર સાધ્વીજીના સહવાસમાં રહી ધર્મોભ્યાસ કરી ધર્મની શ્રદ્ધા પામ્યાં હતાં. અમો ઇચ્છિએ છીએ કે એ સાધ્વીશ્રી શાન્ત ચિત્તે દઢતાથી પોતાનું ચારિત્ર પાળે અને ઈચ્છિત જે મોક્ષફળ એ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થાય.

નિરન્તર ઉત્તમ વિદ્વાન્ સાધુ મુનિઓનાનાં દર્શન અને વ્યાખ્યાનોનો લાભ મેળવનારૂં ભાગ્યશાળી કહેવાનું ભાવનગર હમણાં કોણ જાણે કયાએ કારણને લીધે એનાથી બે નસીબ છે ! એટલા માટે શ્રીગોધાથી પન્યાસજી શ્રીમદ્ ગંભીર વિજયજી મહારાજે મુનિ પ્રેમવિજયજીને દીક્ષા આપવાને અહીં મોકલ્યા હતા. એઓશ્રી દીક્ષાની ક્રિયા કરાવીને સાંજના પાછા ગોધે વિહાર કરી ગયા હતા.

## ૪ ભાવનગરમાં ફ્રી વાંચનશાળા અને લાઇબ્રેરી.

આજ કાલ સુધરેલી દુનીઆના તમામ ભાગોપર હરકોઇ પ્રકારની નવી નવી વિદ્યા—અને હરકોઈ પ્રકારનું નવું નવું જ્ઞાન સંપાદન કરવાને સર્વ કોઈની દૃષ્ટિ વળેલીછે. વાંચનશાળાઓ ઉઘડી છે. લાઇબ્રેરીઓ સ્થપાણી છે, અને તેમાં વાંચનારાઓની સંખ્યા પણ દિન પ્રતિદિન વૃદ્ધિ પામતી જાય છે. પણ એ લાઈબ્રેરીઓનો તમામવર્ગ—ગરીબ ને તાલેવર બેઉ સરખો લાભ લઇ શકતા નથી. વરસ દિવસે બે ત્રણ રૂપીઆ જેટલું પણ લવાજમ આપવું ગરીબ વર્ગને ભારે થઈ પડે છે.

આ બાબતનો વિચાર કરીને અહીંની પ્રસારક સભા તેમજ આત્માનન્દ સભા—એ બેઉ સભાઓએ પોતપોતાની લાઈબ્રેરીઓનાં પુસ્તકો સર્વ જૈનભાઇઓને વગર લવાજમે વાંચવા લઇ જવા દેવાના પ્રશંસાપાત્ર ઠરાવ કર્યા છે.

For Private And Personal Use Only